# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-03-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MODI GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ વન્યજીવન દિવસ નિમિત્તે જૂનાગઢ જિલ્લાના સાસણ ગીર ખાતે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની સાતમી બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ , વિવિધ રાજ્યોના સભ્યો, આ ક્ષેત્રમાં કાર્યરત NGO ના પ્રતિનિધિઓ, મુખ્ય વન્યજીવન વોર્ડન અને વિવિધ રાજ્યોના સચિવોએ ભાગ લીધો હતો.

બોર્ડની બેઠકમાં વન્યજીવન સંરક્ષણ અને વ્યવસ્થાપનને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બોર્ડ પ્રધાનમંત્રીના અધ્યક્ષપદે વન્યજીવન અને જંગલોના સંરક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કાર્ય કરે છે.

(વોઇસ કાસ્ટ: અપર્ણા ખૂંટ)

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ એશિયાટિક સિંહોના રહેઠાણને બચાવવામાં આદિવાસી સમુદાયો અને મહિલાઓની ભૂમિકા બિરદાવી હતી.

. . . . . . . . . . . . .

# HOUSING SOCIETY TRANSFER FEE

રાજ્યની 30 હજારથી વધુ હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ માટે ટ્રાન્સફર ફી નક્કી કરાઇ છે. સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે સહકારી કાયદામાં થયેલ સુધારા અંતર્ગત હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં કોઈપણ ઘરની ખરીદ-વેચાણ સમયે કુલ અવેજ રકમના 0.5 ટકા અથવા વધુમાં વધુ એક લાખ રૂપિયા કરતાં વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકાશે નહી.

શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું ટ્રાન્સફર ફી બાબતે સહકારી કાયદા અને નિયમોમાં જોગવાઈ ન હોવાના કારણે, સોસાયટીઓ દ્વારા મનમાની કરીને વ્યક્તિઓ પાસેથી મોટી ટ્રાન્સફર ફી વસૂલ કરાતી હોવાની ફરિયાદો રાજ્ય સરકારને મળી હતી.

. . . . . . . . . . . . .

# ARAVALLI CREDIT SOCIETY

અરવલ્લી જિલ્લાના મોડાસામાં શ્રી નાથ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીનાં નવિન ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ સાથે મંડળીના રજત જયંતિ મહોત્સવની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રદેશ સહકાર ભારતીના અધ્યક્ષ મહેશ પટેલે લોકરની સુવિધા અંગેની માહિતી આપી.

(BYTE- MAHESH PATEL, CHAIRMAN, SAHKAR BHARTI)

. . . . . . . . . . . . .

# DAMAN FREEDOM FIGHTER

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના સ્વાતંત્ર્ય સેનાની બાબુભાઈ રાણાનું લાંબી માંદગી બાદ  96 વર્ષની વયે અવસાન થયું છે. આજે તેમના નિવાસ સ્થાનથી અંતિમ યાત્રા નીકળી હતી, જેમાં દમણ દીવના સાંસદ ઉમેશ પટેલ , પોલીસ અધિકારીઓ જોડાયા હતા. દમણના અમારા પ્રતિનિધિ જણાવે છે કે બાબુભાઈ રાણાએ વર્ષ 1961માં દમણની સ્વતંત્રતા ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવી હતી.

. . . . . . . . . . . . .

# MEHSANA BOOK

મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા ૩૩ શિક્ષકોની માનદ સેવાથી બે ડિજિટલ પુસ્તકોની રચના કરાઇ છે. આ પુસ્તકથી પ્રાથમિક શિક્ષણ મેળવતા વિધાર્થીઓ ઘેર બેઠા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે છે. આ ઉપરાંત જવાહર નવોદયની પ્રવેશ પરીક્ષા , જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ પરીક્ષાની તૈયારી માટે પણ ઉપયોગી બની શકે છે.

. . . . . . . . . . . . .

# MEHSANA SWACHHTA ABHIYAN

મહેસાણા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરાયું છે. આ અભિયાન અંતર્ગત શહેરના મુખ્ય રસ્તાઓ પાસેની દીવાલો પર ચિત્રકામ કરાઇ રહ્યું છે , જેમાં ગુજરાત લોકસંસ્કૃતિ , પતંગ ઉત્સવ , નવરાત્રી, વન્યજીવો સહિત વિવિધ થીમ પર આકર્ષક ચિત્રો દોરાયા છે. 25 જેટલા ચિત્રકારો દીવાલો પર ચિત્રકામ કરી સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાઇ રહ્યો છે.

. . . . . . . . . . . . .

# JAMNAGAR STUDENT AWARD

જામનગરના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પોલીસ અધિકારીના પુત્રીને નર્સિંગ સ્કૂલમાં બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યરનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. જામનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે એ. ડિવિઝન પોલીસમાં ફરજ બજાવતા અને તાજેતરમાં રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનારા એ.એસ.આઇ. બસીર મુદ્રાકના પુત્રી સુઝાન મુદ્રાકને હ્યુમન ટોર્ચ સ્કૂલ ઓફ નર્સિંગ જામનગરમાં વર્ષ 2025 માટે બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર નો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

નર્સિંગ સ્કૂલ દ્વારા આયોજિત એવોર્ડ સમારોહમાં તેઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . .

# WPL

મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.માં આજે યુપી વૉરિયર્ઝ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મૅચ રમાશે. ઉત્તરપ્રદેશના લખનઉના ભારતરત્ન શ્રી અટલબિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાનારી આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. યુપી વૉરિયર્ઝ દિપ્તી શર્મા અને ગુજરાત જાયન્ટ્સ એશલી ગાર્ડનરનાં નેતૃત્વમાં મેદાનમાં ઉતરશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................